# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૨૬/૦૭/૨૦૧૭ ના રોજ જાહેરાત ક્રમાંકઃ ૧૩૩/**૨૦૧૭૧૮ થી ૧૩૭/૨૦૧૭૧૮** પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ છે. જે પૈકીની નીચે દર્શાવેલ સંવર્ગોની પ્રથમ તબક્કાની MCQ પદ્ધતિની ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત કસોટી/ MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી ગાંધીનગર/ અમદાવાદ ખાતે યોજાનાર છે. જે અન્વયે સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેની તારીખ નક્કી કરીને તા. ૦૮/૦૯/૨૦૧૭ ના રોજ મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. જે સંદર્ભે ઉકત દરેક સંવર્ગની પરીક્ષા માટેના કોલ-લેટર ડાઉનલોડ કરવા માટેનો કાર્યક્રમ નીચે દર્શાવ્યા પ્રમાણેનો મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.

**સ્પર્ધાત્મક લેખિત કસોટી**

| અ. નં. | જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ/ સમય | કોલ લેટર ડાઉનલોડ કરવા માટેની તારીખ–સમયની વિગતો |
|---|---|---|---|
| ૧ | ૧૩૫/૨૦૧૭૧૮ કંપાઉન્ડર (આયુર્વેદ) | ૦૭/૧૦/૨૦૧૭ ૧૬–૦૦ થી ૧૮–૦૦ | તા. ૨૮/૦૯/૨૦૧૭, બપોરે ૧૬–૦૦ કલાક થી તા. ૦૭/૧૦/૨૦૧૭, બપોરે ૧૬–૦૦ કલાક સુધી |
| ૨ | ૧૩૭/૨૦૧૭૧૮ મ્યુનિસિપલ ઇજનેર | ૦૮/૧૦/૨૦૧૭ ૧૧–૦૦ થી ૧૩–૦૦ | તા. ૨૮/૦૯/૨૦૧૭, બપોરે ૧૬–૦૦ કલાક થી તા. ૦૮/૧૦/૨૦૧૭, બપોરે ૧૧–૦૦ કલાક સુધી |
| ૩ | ૧૩૬/૨૦૧૭૧૮ ગ્રંથપાલ | ૦૮/૧૦/૨૦૧૭ ૧૫–૦૦ થી ૧૭–૦૦ | તા. ૨૯/૦૯/૨૦૧૭, બપોરે ૧૪–૦૦ કલાક થી તા. ૦૮/૧૦/૨૦૧૭, બપોરે ૧૫–૦૦ કલાક સુધી |

ઉમેદવારોએ જે તે સંવર્ગની પ્રથમ તબક્કાની MCQ પદ્ધતિની ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત કસોટી / MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેના કોલ-લેટર તથા તે સાથેની જરૂરી સુચનાઓ સહિત ઉપર દર્શાવેલ નિયત તારીખ-સમયગાળા દરમ્યાન **"https:// ojas.gujarat.gov.in"** વેબસાઇટ પરથી અચૂક (ON LINE) ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

પ્રવેશપત્ર **"ON LINE"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં (૧) **"https: // ojas.gujarat.gov.in"** વેબસાઇટ પર જવું. (૨) MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેના ઉમેદવારોએ " **Print** " પર **"Click"** કરવું. (૩) ત્યાર બાદ **"Primary Call Latter"** પર **"Click" કરીને Select job** ના બોક્ષમાંથી આપ જે જાહેરાતનો કોલલેટર ડાઉનલોડ કરવા માંગતા હોય તે જાહેરાત **Select** કરીને નિયત બોકસમાં **"Confirmation Number"** તથા **"Birth Date"** ટાઇપ કરીને **OK** પર **Click** કરવાથી અલગ Window

માં આપનો **Call letter** (પ્રવેશપત્ર ) સ્ક્રીન પર દેખાશે. જે **Call Latter** તથા તે સાથેની સુચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ-લેટર તથા સુચનાઓની વિગતો કે જે સ્પર્ધાત્મક લેખિત કસોટી સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળના નાયબ સચિવશ્રી (તાંત્રિક પરીક્ષા) નો કચેરી સમય દરમ્યાન ફોન નંબર:- **૦૭૯- ૨૩૨૫૩૬૨૮** પર સંપર્ક કરી શકાશે.

**સ્થળ:-  ગાંધીનગર** | **સચિવ**
**તારીખ- ૨૮/૦૯/૨૦૧૭** | **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**
**ગાંધીનગર**

# -: ઉમેદવારો માટેની વધારાની સૂચનાઓ :-

(આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારને જણાવવામાં આવે છે.)

## ૨. પરીક્ષા માં ઉપસ્થિત થવા માટે જરુરી બાબતો:-

(૧) આ પરીક્ષા માટે મંડળ દ્વારા ઓન લાઇન મુકેલ કોલલેટર કમ હાજરી પત્રક નીઆપે ડાઉનલોડકરેલ પ્રત. જેમાં હાજરીપત્રકમાં પોતાનો ફોટો ચોંટાડી સાથે અચૂક લાવવાનો રહેશે. અન્યથાઆ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

(૨) પરીક્ષા ખંડમાં હાજરી આપતી વખતે આપના કોલલેટર સાથે આપનું ફોટા સાથેનું ઓળખ કાર્ડ નીચેના પૈકી કોઇ પણ એક અસલમાં.

અ: ઈલેક્શન કાર્ડ અથવા ફોટા સાથેની મતદાર સ્લીપ

બ: ડ્રાઈવીંગલાયસન્સ,

ક:-પાનકાર્ડ

ડ :- સ્કૂલ/કોલેજનું ફોટાવાળું ઓળખપત્ર

ઇ:-આધાર કાર્ડ

અચૂક સાથે રાખવાનું રહેશે. જે નિરીક્ષક અથવા મંડળ દ્વારા અધિકૃત અધિકારી માગે ત્યારે બતાવવાનું રહેશે.

## ૩. ઓન-લાઇન સ્પર્ધાત્મક પરીક્ષાની કાર્યપધ્ધતિ:-

(૧) નિયત સમયે આપે પરીક્ષા સ્થળમાં પ્રવેશ મેળવ્યા બાદ બેઠક વ્યવસ્થા પ્રમાણેની કોમ્પ્યુટર લેબમાં આપના બેઠક ક્રમાંક પર સ્થાન ગ્રહણ કરવાનું રહેશે. અને ત્યાર બાદ ખંડ નિરીક્ષક દ્વારા આપની ઓળખની ચકાસણી અને હાજરી પત્રકમાં આપની સહી લેવા અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

## ૪. કમ્પ્યુટર પર ઓન-લાઇન પરીક્ષા:-

(અ) ઓન લાઇન પરીક્ષા માટે કોમ્પ્યુટરની વ્યવસ્થા મંડળ તરફથી પૂરી પાડવામાં આવશે. કોમ્પ્યુટર લેબમાં દરેક ઉમેદવારે કોમ્પ્યુટર પર સ્થાન ગ્રહણ કર્યા બાદ પોતાને ફાળવેલ કોમ્પ્યુટર યોગ્ય રીતે કાર્યરત છે કે કેમ ? તે ચકાસી લેવાનું રહેશે. અને કોઇ તકલીફ હોય તો તે બાબતે લેબમાં ઉપસ્થિત ટેકનીશીયનનું ધ્યાન દોરી તકલીફ દૂર કરાવી લેવાની રહેશે. તે બાબતે પાછળથી કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

(બ) પ્રથમ દરેક ઉમેદવારોએપોતાને ફાળવેલ કમ્પ્યુટરના સ્ક્રીન પર ઓન-લાઇન પરીક્ષા માટેના પ્રોગ્રામની કોમન ફાઇલ મુકવામાં આવેલ હશે જે ઓપન કરવા માટે આપે આપને આપવામાં આવેલ યુઝર આઇ.ડી. તથા પાસવર્ડ નાખીને **Log In** કરતાં ઓન-લાઇન પરીક્ષા માટેની એપ્લીકેશન ઓપન થશે. જો બંને નંબર પૈકી કોઇપણ એક નંબર ખોટો ટાઇપ કરવામાં આવેલ હશે તો એપ્લીકેશન ઓપન થશે નહીં. તેથી સાચો નંબર ટાઇપ કરી તેની બાજુમાં **Log in** ના બટન પર ક્લિક કરવાનું રહેશે

(ક) દરેક ઉમેદવારોએ **Log in** થયા પછી પરીક્ષા સંદર્ભેની નીચે દર્શાવ્યા મુજબની અગત્યની સૂચનાઓ અને શરતો પ્રથમ વાંચી અને સમજી લેવાની રહેશે અને ત્યાર બાદ તેના સ્વીકાર માટે **I Agree** પર ક્લિક કરવાનું રહેશે.

## (Online Exam માં નીચેની સૂચનાઓ મુકવામાં આવશે)

(૧) આ પરીક્ષા હેતુલક્ષી પ્રશ્નોવાળી **M.C.Q.** પ્રકારની છે અને તેના **કુલ ૧૫૦ પ્રશ્નો** છે. તમામ પ્રશ્નો પૂર્ણ કરવા માટે **૨ કલાક નો** સમય રાખવામાં આવેલ છે. દરેક સાચા જવાબનો ૧ માર્કસ મળશે. જાહેરાતમાં દર્શાવ્યા મુજબ દરેક પ્રશ્નના જવાબના વિકલ્પોમાં પાંચમો વિકલ્પ (E) **Not Attempted** દર્શાવવામાં આવેલ હશે. જો આપ કોઇ પ્રશ્નના સાચા જવાબનો વિકલ્પ પસંદ કરી ન શકવાના કારણે તે પ્રશ્નનો જવાબ આપવા માંગતા ન હોય તો આપે પાંચમા વિકલ્પ (E) **Not Attempted સિલેકટ કરેલ હશે તો તેવા પ્રશ્નોના માઇનસ ગુણ કપાશે નહીં.** જયારે સાચા જવાબ માટે મેળવેલ કુલ ગુણમાંથી પ્રત્યેક **ખાલી છોડેલ અને ખોટા જવાબદીઠ ૦.૨૫** પ્રમાણે માઇનસ ગુણ કાપવામાં આવશે.

(૨) અંગ્રેજી ભાષાને લગતા પ્રશ્નો/ જવાબો તેમજ ટેકનીકલ વિષયને લગતા પ્રશ્નો/ જવાબો અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ છે જયારે તે સિવાયના બાકીના પ્રશ્નો/ જવાબો ગુજરાતી ભાષામાં આપવામાં આવશે.

(૩) **Exam** શરૂ થતાં સ્ક્રીન પર પહેલો પ્રશ્ન તથા તેના વૈકલ્પિક જવાબો ડિસપ્લે થશે. તેમજ સ્ક્રીનની જમણી બાજુ પર **૧ થી ૧૫૦ પ્રશ્નોની પેનલ** પણ ડિસ્પ્લે થશે. દરેક વખતે સ્ક્રીન પર એક જ પ્રશ્ન ડિસ્પ્લે થશે. પ્રશ્નની નીચે **Mark for Review & Next, Clear Response, Save & Next, Save & Review, Submit Exam** ના ટેબ પણ ડિસ્પ્લે થશે

(૪) ઉમેદવારે દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે પ્રશ્નની નીચે આપેલ જવાબના વિકલ્પોમાંથી સાચા જવાબની સામેના બોક્ષ પર ક્લિક કરવું અને ત્યાર બાદ **Save & Next** પર ક્લિક કરવાનું રહેશે **Save & Next** પર ક્લિક કર્યા બાદ જ તે પ્રશ્નનો જવાબ આપેલ/ રજીસ્ટર્ડ થયેલ ગણાશે. આથી દરેક પ્રશ્નના સાચા જવાબ પર ક્લિક કર્યા પછી **Save & Next** પર અચૂક ક્લિક કરવાનું રહેશે. **Save & Next** પર ક્લિક કરવાથી તે પ્રશ્નના નંબરનો કલર લીલો થઇ જશે. અને ત્યાર પછીનો ક્રમિક પ્રશ્ન ડિસ્પ્લે થશે. પરંતુ પ્રશ્નના જવાબના વિકલ્પ પર ક્લિક કર્યા વગર આગળના ક્રમિક

પ્રશ્ન પર જવા માટે સ્ક્રીનની જમણી બાજુએ આપવામાં આવેલ ૧ થી ૧૫૦ પ્રશ્નોની પેનલમાંથી કોઇ પણ પ્રશ્ન નંબર પર ક્લિક કરીને તે પ્રશ્ન ઓપન કરી શકાશે.

(૫) **(અ)** પ્રશ્ન ઓપન કર્યા પછી પ્રશ્નના જવાબનો વિકલ્પ પસંદ કરેલ ન હોય અથવા જે પ્રશ્નોના જવાબનો વિકલ્પ પસંદ કરેલ હોય પરંતુ **Save & Next** પર ક્લિક કરેલ ન હશે તો તેવા પ્રશ્નોના નંબર **કેસરી કલરના** દેખાશે.

**(બ)** પ્રશ્નના જવાબના વિકલ્પને પસંદ કરેલ હશે પરંતુ તેને **Save** ન કરતાં વિચારણા માટે રાખવો હોય તો **Mark for Review & Next** પર ક્લિક કરીને રીવ્યુમાં રાખી શકાશે અને તેવા પ્રશ્ન નંબરનો કલર **પીળા કલરનો** દેખાશે. આવા પ્રશ્નના જવાબના વિકલ્પને પરીક્ષા પૂર્ણ થવાના સમય પહેલાં અન્ય યોગ્ય વિકલ્પ પસંદ કરીને અથવા તે જ વિકલ્પને આખરી ગણવા માટે **Save & Next** પર ક્લિક કરવાનું રહેશે. અન્યથા તે પ્રશ્નનો જવાબ આપેલો ગણાશે નહીં.

**(ક)** પ્રશ્નના જવાબના વિકલ્પને પસંદ કરેલ હશે પરંતુ તેને **Save** કરીને વિચારણા માટે રાખવો હોય તો **Save & Review** પર ક્લિક કરીને રીવ્યુમાં રાખી શકાશે અને તેવા પ્રશ્ન નંબરનો કલર **સ્કાય બ્લ્યુ કલર**નો દેખાશે. આવા પ્રશ્નના જવાબના વિકલ્પને પરીક્ષા પૂર્ણ થવાના સમય પહેલાં અન્ય યોગ્ય વિકલ્પ પસંદ કરીને અથવા તે જ વિકલ્પને આખરી ગણવા માટે **Save & Next** પર ક્લિક કરવાનું રહેશે. **અન્યથા તે પ્રશ્નનો જવાબ આપેલો ગણાશે.**

(ડ) જે પ્રશ્નોના જવાબોના વિકલ્પો પસંદ કરી **Save & Next** પર ક્લિક કરેલ હશે તેવા તમામ પ્રશ્નોના નંબરોનો **કલર લીલો** દેખાશે, જે પ્રમાણે બાજુમાં આપેલ ૧ થી ૧૫૦ પ્રશ્નોની પેનલમાં જુદા જુદા કલરમાં ડિસ્પ્લે થશે. જેના પરથી ઉમેદવારને કેટલા પ્રશ્નોના જવાબ આપેલા છે તેનો ખ્યાલ આવી શકશે. એક વાર આપેલ જવાબનો વિકલ્પ બદલવાની જરૂર જણાય તો બાજુમાં આપેલ પ્રશ્નોની પેનલમાંથી જે તે પ્રશ્નના નંબર પર ક્લિક કરી પ્રશ્ન ઓપન કરીને **Clear Response** પર ક્લિક કરીને ફરીથી સાચા જવાબનો વિકલ્પ પર ક્લિક કરીને **Save & Next** પર ક્લિક કરવાથી જવાબનો વિકલ્પ બદલી શકાશે.

(૬) જો કોઇ ઉમેદવાર દ્વારા ભૂલથી એકઝામ વિન્ડો કલોઝ કરવામાં આવશે તો ચેતવણી સાથે પુનઃ એકઝામમાં **Log In** થઇ શકાશે. પરંતુ એકઝામ વિન્ડો કલોઝ થયા પછી ફરીથી એકઝામમાં લોગ ઇન થયા સુધીના તફાવતના સમય માટે વધારાનો સમય આપવામાં આવશે નહીં જેની ઉમેદવારોએ નોંધ લેવી.

(૭) બધા પ્રશ્નોના જવાબ અપાઇ ન જાય ત્યાં સુધી **Submit Exam** પર ક્લિક કરવું નહીં. અને જો ભૂલથી ક્લિક કરવામાં આવશે તો એકઝામ દરમ્યાન માત્ર બે વાર એકઝામમાં ચેતવણી સાથે પાછા ફરી શકાશે.

(૮) ઓન-લાઇન બધા જ પ્રશ્નોના જવાબ અપાઇ ગયા બાદ પરીક્ષાનો સમય પૂર્ણ થયા પહેલાં **Submit Exam** પર ક્લિક કરવાથી **Go Back to Exam** અને **Final Submit** નું બોક્ષ ઓપન થશે. જેમાં **Final Submit** પર ક્લિક કરવાથી આપની ઓન લાઇન પરીક્ષાની એપ્લીકેશન સબમીટ થઇ જશે. એકવાર **Final Submit** પર ક્લિક કર્યા પછી એકઝામમાં પાછા ફરી શકાશે નહીં.

(૯) દરેક પ્રશ્નનો જવાબ સિલેકટ કર્યા પછી **Save & Next** પર ક્લિક કરવું આવશ્યક છે **Save & Next** પર ક્લિક કરવામાં નહીં આવે તો તે પ્રશ્નનો જવાબ આપેલ ગણાશે નહીં આમ **Save** ન કરવાના કારણે કોઇ મુશ્કેલી ઉભી થશે તો તેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૧૦) પરીક્ષાનો સમય પૂરો થતાં આપની એપ્લીકેશન **Auto Submit** થઇ જશે. તેથી ઉમેદવારે પરીક્ષાનો સમય પૂર્ણ થઇ ગયા બાદ સબમીટ કરવાનું રહેશે નહીં

(૧૧) ઉમેદવારો પરીક્ષા શરૂ થયા પછી પરીક્ષા પુર્ણ થયા સુધી પરીક્ષાખંડ છોડી શકશે નહીં કોઈ ખાસ સંજોગો સિવાય આ ટુંકા સમયમાં ઉમેદવારને વર્ગખંડની બહાર જવા દેવામાં આવશે નહી.

(૧૨) દરેક કોમ્પ્યુટર લેબમાં કોમ્પ્યુટર ટેકનીશીયન ઉપસ્થિત હશે જે આપને ફકત આપની તકનીકી ફરીયાદ દુર કરવામાં મદદરૂપ થશે.